ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૬૬ ટકા

# શહેરના થીયેટરોમાં પ્રેક્ષકો નહિવત

## એક સપ્તાહ પૂર્વે ખુલેલા થીયેટરોમા માત્ર પાંચ ટકા હાજરી : તહેવારોમાં વધવાની આશા

ગાંધીનગર, તા.૧૦

સરકાર દ્વારા થીયેટરો ખોલવાની મંજૂરી મળી છે ત્યારે હવે ૬૦ ટકાની ક્ષમતા સાથે ગાંધીનગરમાં સિનેમા અને થીયેટરો ખોલ્યા છે. ગાંધીનગરમાં બે સિનેમાઘર ખુલી ગયા છે. કોરોનાના કારણે હાલ કોઈ નવી હિન્દી ફિલ્મ રીલીઝ થઈ નથી જેના કારણે થીયેટર સંચાલકો જૂની હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી ફિલ્મ બતાવવાનું નક્કી કર્યું છે. સેકટર-૨૧નું આઈનોકસ-૨૧ અને સેકટર-૧૬નું આર વર્લ્ડ સિનેમાઘરો પ્રેક્ષકો માટે ખુલી ગયા છે. સેકટર-૧૧નું સિનેમેકસ આગામી ૧૩ તારીખ શુક્રવારના રોજ ખુલવા જઈ રહ્યું છે ત્યારે ૩૦મીથી શરૂ થયેલા સેકટર-૨૧ના આઈનોકસ-૨૧માં દરરોજના ૫ ટકા પ્રેક્ષકો તથા વિકેન્ડમાં ૧૦ થી ૧૨ ટકા પ્રેક્ષકોની હજરી જોવા મળી રહી છે. રાત્રી કરફયુને ધ્યાનમાં રાખીને વર્તમાન સમયમાં રાત્રીનો કોઈ શો મુકવામાં આવ્યો નથી.

છેલ્લા દોઢ વર્ષથી શહેરીજનોને બીગ સ્ક્રીનમાં મુવી જોવાનો લહાવો મળ્યો નહોતો તેથી જુની ફિલ્મો જોવા માટે પણ શહેરીજનો આ થિયેટર્સમાં જઈ રહ્યા છે. ૧૯ ઓગસ્ટે અક્ષયકુમારની ફિલ્મ 'બેલબોટમ' અને એક અંગ્રેજી મુવી 'ફાસ્ટ એન્ડ ફયુરીયસ' રીલીઝ થવાની છે. દર્શકો થ્રીડીમાં બેલબોટમની મજા માણી શકશે.




કોરોના વાયરસની બીજી લહેર બંધ થયા બાદ બેલબોટમ થિયેટરોમાં રિલીઝ થનારી પહેલી ફિલ્મ બની ગઈ છે. બેલબોટમનું ટ્રેલર ૩ ઓગસ્ટના રોજ રિલીઝ થઈ ગયું છે. અક્ષયકુમાર ગુપ્ત એજન્ટની ભૂમિકામાં જોવા મળશે. આ સાથે જ ફરીથી સિનેમાઘરો ધમધમવા લાગે તેવા એંધાણ દેખાઈ રહ્યા છે સિને ઈન્ડસ્ટ્રીના બિગ બજેટ ફિલ્મોનું નિર્માણ કરનારા ફિલ્મકારો થિયેટરોમાં ફિલ્મો રિલીઝ કરવા માટે કમર કસી રહ્યા છે. જેથી શરૂઆત અક્ષયકુમારની બેલબોટમ ફિલ્મથી થાય તેવી પુરી સંભાવના છે.

### સેકટર-૨૧ (INOX-21)માં હાલમાં ચાલી રહેલી ફિલ્મો

- **The Suicide Squad** - અંગ્રેજી અને હિન્દીમાં
- **Timmarusu** - તેલુગુમાં
- **Mortal Kombat** - હિન્દીમાં
- **Godzilla vs. Kong** - હિન્દીમાં
- **Chaal Jeevi Laiye** - ગુજરાતીમાં

સિનેમાઘરોમાં ટિકિટના દરમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. પહેલો શો સવારે ૧૧.૦૫ થી શરૂ થાય છે. બીજો શો ૧.૪૫ કલાકે શરૂ થાય છે. ત્રીજો શો ૪.૪૫ કલાકે શરૂ થાય છે. જે ૬.૩૦ કલાક સુધી હાલના સમયમાં સિનેમાઘરો કાર્યરત છે.

સંચાલકોના જણાવ્યા મુજબ ૧૯ ઓગસ્ટના રોજ બે ફિલ્મો રિલીઝ થઈ રહી છે તેથી નવી ફિલ્મો જોવા માટે પ્રેક્ષકની સંખ્યામાં વધારો થશે. ટિકિટના દર રૂ. ૮૦ થી રૂ. ૧૪૦ સુધી રાખવામાં આવ્યા છે. કોવિડને કારણે બને ત્યાં સુધી ઓનલાઈન પેમેન્ટ ચાલી રહ્યું છે. આ સિવાય દરેક શો પૂરો થયા બાદ બીજા શો વચ્ચે ૩૦ મિનિટનો ગેપ રાખવામાં આવ્યો છે તેમજ એન્ટ્રી સમયે દરેકનું ટેમ્પ્રેચર માપવામાં આવી રહ્યું છે તો સાથે જ કોવિડ ગાઈડલાઈનના ચુસ્ત પાલન મુજબ પ્રેક્ષકોને એન્ટ્રી આપવામાં આવી રહી છે.

## યુવા દિશા કેન્દ્ર, ગાંધીનગરની નેશનલ યુથ એવોર્ડ માટે પસંદગી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરની જાણીતી યુવા સંસ્થા 'યુવા દિશા કેન્દ્ર'ની પસંદગી ભારત સરકારનાં યુવા અને રમત ગમત તરફથી રાષ્ટ્રીય વિકાસ અને સામાજીક સેવા ક્ષેત્રમાં 'નેશનલ યુથ એવોર્ડ' માટે પસંદગી કરાઈ છે. આ એવોર્ડ ભારત સરકાર દ્વારા તારીખ ૧૨ ઓગષ્ટના રોજ વિજ્ઞાન ભવન, નવી દિલ્હી ખાતે એનાયત કરવામાં આવશે. સમગ્ર દેશમાંથી ચાર અને ગુજરાત રાજયમાંથી માત્ર ગાંધીનગરની યુવા સંસ્થાને કેન્દ્રની નરેન્દ્રભાઈ મોદી સરકાર દ્વારા પસંદગી કરાતા ગાંધીનગરમાં આનંદ અને હર્ષની લાગણી છવાઈ છે. યુવા દિશા કેન્દ્રના ઉપાધ્યક્ષ સંજીવ મહેતાને ખાસ અભિનંદન તથા યુવા દિશા કેન્દ્રના ઈશ્વરસિંહ પટેલ (મંત્રી), અમીત ઠાકર (રાષ્ટ્રીય યુવા અગ્રણી), રૂચીરભાઈ ભટ્ટ (ગાંધીનગર મહાનગર ભાજપા પ્રમુખ), મોહનભાઈ પટેલ, કૃષ્ણકાન્ત જહા (ગાંધીનગરના અગ્રણી), વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ, સમાજો, કાર્યકરોએ ગુજરાતભરમાંથી અભિનંદન પાઠવ્યા છે.



## ધોળાકુવામાં પ્રવેશવાના માર્ગ પર મેટ્રોના પ્રોજેક્ટના વાહનોથી અવરજવરથી કાદવ-કીચડ

### પૂર્વ કોર્પોરેટર હસમુખ મકવાણા દ્વારા કલેક્ટરને આવેદનપત્ર : અન્ય વૈકલ્પિક રસ્તાઓ પણ બંધ હોવાથી ગ્રામજનો ત્રાહિમામ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના ધોળાકુવા ગામે વિવિધ સમસ્યાઓથી ગ્રામજનો ત્રાહિમામ્ પોકારી ગયા છે. હજુ ઉભરાતી ગટરો, ગટરનું દુષિત પાણી પીવાના પાણી સાથે ભળી જવાથી ફેલાયેલ બિમારીઓ અને અપુરતા પાણીના પ્રેશર સહિતની સમસ્યાઓની શાહી માંડ સુકાઈ છે ત્યાં હવે ગામમાં પ્રવેશવાના માર્ગ પર મેટ્રો રેલ પ્રોજેક્ટના ભારે વાહનોની સતત અવરજવરને કારણે ખુબજ કાદવ કિચડ અને ગંદકીનો માહોલ સર્જાતો હોવાની રાવ ઉઠવા પામી છે. આ બાબતને અનુલક્ષીને વોર્ડ નં.૨ના પૂર્વ સ્થાનિક કોર્પોરેટર હસમુખ મકવાણા દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપીને આ રસ્તો મેટ્રો પ્રોજેક્ટના વાહનો માટે બંધ કરવા માંગ કરાવામાં આવી છે.



ધોળાકુવા ગામના પ્રવેશદ્વારે ફેલાતી ગંદકીના કારણે ગ્રામજનોને અવરજવરમાં ખૂબ જ તકલીફ પડી રહી છે. એક તરફ ચોમાસાની ઋતુ હોવાને કારણે અને બીજી તરફ મેટ્રો રેલ પ્રોજેક્ટના મોટા વાહનોની અવર જવરના કારણે આ માર્ગ ઉપર કાદવ કિચડનું પ્રમાણ દિનપ્રતિદિન વધી રહ્યું છે તેમજ રોગજન્ય જીવજંતુઓનો ઉપદ્રવનું જોખમ પણ તોળાઈ રહ્યું છે. શહેરના ચ-૦ સર્કલથી કોબા તરફના માર્ગેથી ગુજરાત ફન વર્લ્ડ પાસેથી ધોળાકુવા ગામમાં પ્રવેશવાના માર્ગ પર આ પરિસ્થિતિ છેલ્લા ઘણા દિવસથી જોવા મળી રહી છે. જેના કારણે ગામના ટુ-વ્હીલર ચાલકો, સાયકલ ચાલકો વગેરે સ્લીપ થઈ રહ્યાં છે તથા રાહદારીઓને પણ ખૂબ જ પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે. એક ગામમાંથી નાના મોટા કામો માટે ગાંધીનગર જવા માટેના સર્વિસ રોડ પર બેરિકેડ્સ મૂકી તે રોડ બંધ કરી દેવામાં આવ્યો છે અને સ્મશાન તરફનો વર્ષો જૂનો રસ્તો ગીર ફાઉન્ડેશન દ્વારા બંધ કરી દેવામાં આવ્યો છે, જ્યારે મેઈન ગેટ બનાવાયો છે તે એપ્રોચ રોડ પર મેટ્રો રેલ પ્રોજેક્ટના મોટા વાહનોની સતત અવર જવરને કારણે આ માર્ગની હાલત અત્યંત બિસ્માર થઈ જવા પામી છે જેથી ગ્રામજનોને દવા કે જરુરી સામાન લેવા જવા માટે પણ અંદાજે બે કિલોમીટર જેટલુ ફરીને જવું પડે છે જેથી આ વાહનો માટે કોઈ વૈકલ્પિક માર્ગની વ્યવસ્થા કરવામાં આવે તેવી રજુઆત આવેદનપત્રમાં કરવામાં આવી છે. હસમુખ મકવાણા ઉપરાંત ધોળાકુવા ગામના પ્રમુખ મનુજી ઠાકોર તથા કરસનજી, ઈશ્વરજી, પ્રહલાદજી, ઉદાજી, વિક્રમજી તથા કિરણભાઈ પ્રજાપતિ સહિત આગેવાનોએ સાથે મળીને આવેદનપત્ર આપ્યું હતું.

## ધણપ સીએનજી પંપ ખાતે કાર સળગી ઉઠતાં દોડધામ મચી

ગાંધીનગર, તા.૧૦

હિંમતનગર-ચિલોડા હાઈ વે પર ધણપ ગામ નજીક સાબરમતિ ગેસ કંપનીના સીએનજી પંપ પર ઈન્ડીકા કારમાં અચાનક ધડાકાભેર આગ લાગી હતી. ગેસ પંપ ખાતે કારમાં આગ લાગતા કર્મચારીઓ તેમજ વાહનચાલકોમાં દોડધામ મચી ગઈ હતી. કારમાં ધડાકો થતા હાજર સૌ કોઈ ગભરાઈ ગયા હતા. જો કે સદનસીબે કોઈ જાનહાની થવા પામી ન હતી. પરંતુ સીએનજી પંપના કર્મચારીઓ અને ફાયર જવાનોએ પાણીનો મારો ચલાવી




આગ પર કાબુ મેળવી લીધો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા-હિંમતનગર હાઈ વે પર અંજલી હોટલ પાસે સાબરમતિ ગેસ પંપ ખાતે આજે



સવારના સમયે વાહનોમાં ગેસ પુરવારની કામગીરી ચાલી રહી હતી. ત્યારે ઈન્ડીકા કાર નં. જી.જે.૨૦.એ.-૩૦૮૬ ગેસ પુરાવા માટે આવી હતી. કર્મચારીઓએ ગાડીમાં સીએનજી ગેસ પુર્યો હતો. ત્યારબાદ કાર સામાન્ય અંતરે પહોંચતા આગની જવાળામાં લેપટાઈ ગઈ હતી. ગેસ સ્ટેશન પર કારમાં આગ લાગતા કર્મચારીઓ અને વાહનચાલકોમાં પણ ભાગદોડ મચી ગઈ હતી.જયારે કારના ચાલકને આગની જાણ થતા તુંરત બહાર આવી ગયા હતા. ગણતરીની મિનીટોમાં કાર આગમાં બળીને સંપૂર્ણ ખાક થઈ ગઈ હતી. ગેસ પંપ પર કાર સળગી ઉઠતા સૌના જીવ તાળવે ચોંટી ગયા હતા. આગની જવાળાઓ દુર દુર સુધી દેખાતી હતી. જયારે સ્ટેશન પર ગેસ પુરાવા માટે આવેલા વાહન ચાલકો ગેસ પુરાયા વિના નાસી ગયા હતા. જો કે સળગી રહેલી કાર પર કાબુ મેળવવા પંપના કર્મચારીઓ પણ પ્રયાસ કરી રહ્યા હતા તે સમયે ફાયર ટીમ આવી પહોંચતા પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. બનાવ સ્થળે સાબરમતિ ગેસના અધિકારી-કર્મચારીઓ પણ દોડી આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ઈન્ડીકા કાર તલોદ તાલુકાના માલવણ ગામના સુરેસભાઈ મહેન્દ્રસિંહ ચૌહાણની હોવાનું જાણવા મળ્યું છે.

## સરકારી વાણિજય કોલેજ ખાતે વેબિનારનું આયોજન




ગાંધીનગર, તા.૧૦

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના એક વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે 'મલ્ટી ડીસીપ્લીનરી અને હોલીસ્ટીક એજયુકેશન' વિષય પર વેબિનાર યોજાયું હતું. જેનું આયોજન ડૉ. કે.વી. વ્યાસ (અધ્યાપક) અને ડૉ. પ્રતિભા વી. નાયર દ્વારા કરાયું હતું. કોલેજના ૧૧૦ જેટલા વિદ્યાર્થીઓ અને અધ્યાપકો જોડાયા હતા.



સીટી બસ સ્ટેન્ડ પાસે છેલ્લા ઘણા સમયથી ટીવીએસ સ્કુટી જીજે-૧૮-સી-૮૧૯૦ બિનવારસી હાલતમાં પડેલી છે. આ સ્કુટી ચોરીની છે કે અન્ય કોઈ કારણસર તે અહીં પડી છે તે તપાસનો વિષય છે.

## ફોટોગ્રાફર એસોસિએશન દ્વારા ફોટો સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૧૦

ફોટોગ્રાફર એસોસિએશન ગાંધીનગર દ્વારા વિશ્વ ફોટોગ્રાફી દિવસ નિમિત્તે ફોટો સ્પર્ધાનું આયોજન કરાયું છે. જેનો વિષય 'મારી નજરે મારું ગાંધીનગર' છે. આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોએ વિષયને અનુરૂપ ૨ કોપી જુદી જુદી જગ્યાની, ૮x૧૨ સાઈઝની RGB પ્રિન્ટની વર્ડ કોપીમાં મોકલવાની રહેશે. આ સ્પર્ધામાં દરેક ઉંમરની વ્યકિત ભાગ લઈ શકે છે. ૧૧ ઓગસ્ટ થી ૧૬ ઓગસ્ટ સુધી વર્ડ કોપી જમા કરવાની રહેશે. આ વર્ક કોપીમાં નામ, સરનામું, મોબાઈલ નંબર લખી બંધ કવરમાં આપવી તથા ઈમેઈલ આઈડી paggandhinagar@gmail.com પર સોફટ કોપી મોકલવી. આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકો માટે ૫૦૦૦થી વધુના ઈનામો રાખેલ છે. જેમાં ૧ થી ૫ ક્રમે આવનાર વિજેતાઓને ઈનામ અપાશે. ફોટો જમા કરવાનું સ્થળ, મંગલમ ફોટો સ્ટુડિયો, સે-૧૬ ગાંધીનગર છે.

### આજના હિંડોળા

- સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે વિવિધ તેજાનાના હિંડોળા યોજાશે.
- શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે કાચના હિંડોળા યોજાશે.

## શહેરના વાવોલ, કોલવડા, પેથાપુર, સરગાસણ વિસ્તારમાં રખડતાં ઢોરોનો ત્રાસ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરમાં સમાવિષ્ટ નવા વિસ્તારોમાં દિવસે ને દિવસે રખડતા ઢોરો વધી રહ્યા છે. રખડતા ઢોરોના કારણે વસાહતીઓમાં અકસ્માતનો ભય વધી ગયો છે. રસ્તાની વચ્ચે પોતાનો અડ્ડો જમાવીને બેસી જતા ઢોરોના કારણે ટ્રાફિકની સમસ્યાઓ સર્જાઈ રહી છે. કેટલાક ઢોરોના કારણે અણધાર્યા અકસ્માતો થઈ રહ્યા છે અને આ અકસ્માતોની જવાબદારી કોઈ લેતુ નથી. પશુધારકો ઢોરોને ખુલ્લેઆમ રસ્તાઓ પર ફરતા કરી મૂકે છે. જેથી રસ્તાઓ પર ગંદકી ફેલાઈ રહી છે. ચોમાસાની સિઝનમાં ઠેર ઠેર ગંદકી સર્જાવી એટલે કે રોગને નિયંત્રણ આપવું. ચોમાસામાં ઉગી નીકળતા ઘાસચારાને ખાવા જતા ઢોરોને મચ્છરો, માખીઓ દ્વારા ડંખ મારવામાં આવે છે જેથી આ ઢોરો રસ્તાઓ અને માર્ગો પર આવી જતા




હોય છે. પશુધારકોએ ચોમાસાની ઋતુ દરમિયાન ખાસ કાળજી રાખવી જોઈએ અને પશુઓ માટે ઘાસચારાની વ્યવસ્થા કરવી જોઈએ જેથી રસ્તાઓ પર અને માર્ગની આજુબાજુ રહેલા ઘાસચારા ખાવા માટે ઢોરો રખડતા ન થાય.

ગાંધીનગ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રખડતા ઢોરોને પકડવા માટે વાહનો મુકવામાં આવ્યા છે. પરંતુ કોઈ વીઆઈપી ગેસ્ટના આગમન દરમિયાન તથા મોટા કાર્યક્રમો દરમિયાન જ આ વાહનો રસ્તા પર દેખાતા હોય છે. બાકી ગાંધીનગરમાં રખડતા ઢોરો બેફીકર ફરતા નજરે ચડે છે.

વાવોલ પંથકમાં ફાટકની અંદર જતા જ ગાયોનો અડ્ડો નજરે પડે છે તથા બીજી તરફ ગોકુળપુરાના માર્ગો પર ઠેર ઠેર ગાયો અને ભેંસો ફરી રહ્યા છે. એક બાજુ વિકાસના નામે મોટી મોટી હોટલો અને રેલવે સ્ટેશનો વિકાસ પામી રહ્યા છે ત્યારે આ સમસ્યાઓના કારણે ગંદકીનો માહોલ બની ગયો છે. તેથી જવાબદાર તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ.

### શ્રી અરવિંદ કેન્દ્ર ખાતે ૧૫મીએ પ્રાર્થના સભા

ગાંધીનગર, તા. ૧૦

શ્રી અરવિંદના ૧૫૦ જન્મદિન નિમિત્તે અરવિંદ કેન્દ્ર ખાતે ૧૫ ઓગષ્ટના રોજ સવારે ૯.૩૦ કલાકે પ્રાર્થના-ધ્યાન-વાંચન વગેરેનું આયોજન રાખવામાં આવ્યું છે. તેથી શહેરીજનોએ પ્રાર્થના સભાનો લાભ લેવા માટે પ્રમુખ સી.કે. તન્ના દ્વારા જણાવાયુ છે.

### સેકટર-૧૭ મધ્યસ્થ ગ્રંથાલયમાં ૧૨મીએ પુસ્તક મેળો

ગાંધીનગર, તા.૧૦

આઝાદીનો અમૃત મહોત્સવની ઉજવણી તથા 'ગ્રંથપાલ દિન' નિમિત્તે રાજય મધ્યસ્થ ગ્રંથાલય ખાતે નેશનલ મિશન ઓન લાયબ્રેરી પ્રોજેકટ અન્વયે ખરીદીને વસાવેલા નવા પુસ્તકોનું એક પ્રદર્શન યોજાશે. જેનો ૧૨ ઓગસ્ટના રોજ સવારે ૬ વાગ્યાથી સાંજે ૧૦ વાગ્યા સુધી વાંચનપ્રિય નગરજનો આ પ્રદર્શનનો લાભ લઈ શકશે.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- **સ્વ. ઠાકોર પશીબેન દાનાજી,** ઉ.વ. ૬૦, ગોલથરા, કલોલ
- **સ્વ. પંડયા શ્રીદેવીબેન ચંદ્રકાન્ત,** ઉ.વ. ૮૮, સેકટર-૫
- **સ્વ. ભરવાડ શિવાની રસિકભાઈ,** ઉ.વ. ૧૫, સેકટર-૮
- **સ્વ. બજાણીયા ગોવિંદભાઈ ભરતભાઈ,** ઉ.વ. ૪૬, સેકટર-૪
- **સ્વ. વાળોદરા રવિભાઈ જીવણભાઈ,** ઉ.વ. ૩૦, જીઆઈડીસી, સે-૨૫
- **સ્વ. ઠાકોર કુસુમબેન ગાભાજી,** ઉ.વ. ૭૦, સાણોદા, દહેગામ
- **સ્વ. ફણસે નિર્મળાબેન બાબુભાઈ,** ઉ.વ. ૮૬, પેથાપુર

**● રૂદ્રભૂમિ ●**

- **સ્વ. ભાવસાર પ્રજ્ઞેશ ઈન્દ્રવદનભાઈ,** ઉ.વ. ૫૮, સેકટર-૫
- **સ્વ. પ્રજાપતિ મણીબેન નાથાભાઈ,** ઉ.વ. ૮૧, સેકટર-૪
- **સ્વ. શાહ કુમારભાઈ ગંભીરભાઈ,** ઉ.વ. ૮૭, સેકટર-૩

## જન્મદિને વધામણી



નાયી કાન્તિલાલ શકરાલાલ
એમ્પાયર હેર એન્ડ કેર
મો. ૯૭૨૩૨ ૧૧૮૬૩



જતીશ ટાતરીયા
મો. ૯૮૨૪૦ ૪૧૭૧૨



દિલીપ ગજ્જર
સહાયક માહિતી નિયામક
સમાચાર શાખા



જયપ્રકાશ ભટ્ટ
કલા ગુર્જરી, શિવરંજની, કલરવ સંસ્થા - કારોબારી સભ્ય



કાવ્યા હડિયા



દર્શિલ ભરતકુમાર વાઘેલા
મો. ૯૭૨૪૪ ૦૪૪૮૧



દિવ્યાની ઈલેશકુમાર વાઘેલા



મિસ્ત્રી ઉષાબેન દશરથભાઈ
રેડક્રોસ ગાંધીનગર



રૂદ્રકુમાર રીન્કેશભાઈ પરમાર
મો.૯૯૧૩૫ ૯૮૯૭૪